# ગાંધીનગરના એક હજાર પરિવારોના ઘરમાં વાસણ ખખડતાં જ નથી!!

આપણી એક ગુજરાતી કહેવત છે : 'ઘર હોય તો વાસણ ખખડે ય ખરાં' પણ આ બહુ જાણીતી કહેવત રાજ્યના ૪૬૪૩૦ ઘર-પરિવારોમાં અને ગાંધીનગરના ૯૯૬ ઘર-પરિવારોમાં ખોટી સાબિત થાય છે. આ આધારભૂત માહિતી સેન્સસ રિપોર્ટ ૨૦૧૧ના ચોપડે નોંધાયેલી છે. રાજ્યના કુલ ૧.૨૧ કરોડ પરિવારો પૈકી આ ૪૬૪૩૦ એવા પરિવારો છે કે જેઓ ઘરમાં રસોઈ બનાવતા જ નથી. જો રસોઈ બનાવતા ના હોય તો વાસણ ના હોય, ને વાસણ ના હોય હોય તો ખખડે જ કેમ ? આ તો આંકડાઓ અને આપણી લોક કહેવતને ટાંકીને થોડી હળવી વાત થઈ. આ પરિવારો વિશે કાચું અનુમાન કરીએ તો આ પરિવાર એકલ વ્યક્તિ પરિવાર કે

**ગણતરીમાં ગાંધીનગર**

**પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની**

**સેન્સસ અનુસાર રાજ્યમાં આવા પચાસ હજાર પરિવારો નોંધાયેલા છે**

એકલ સ્થળાંતરિત (સિંગલ માઈગ્રંટ) હોઈ શકે. જો એક કરતાં વધુ સદસ્યો હોય તો તેમનું પેટ તેઓ બહાર જમીને કે વાળુંપાણી માંગીને પણ ભરતા હોય. આ પરિવારોના ઘરમાં રસોઈ બનતી નથી એટલે તેઓ ભિક્ષાવૃત્તિ કે વિનામૂલ્યે ભોજન આપતા સેવા કેન્દ્રો ઉપર નિર્ભર હોઈ શકે.

રાષ્ટ્રના વિકાસ અને સામાજિક વિકાસની આપણે વાત વિચારીએ ત્યારે સૌથી અગત્યની બાબત 'હર હાથ કો કામની હોય છે' આ પ્રકારના કુલ ઘર-પરિવારની સરખામણીએ ગુજરાત અને ગાંધીનગરના 'ઘરમાં રસોઈ થતી જ નથી' એમની સંખ્યા નજીવી કહિ શકાય એટલી જ છે પણ તેની સાથે બીજી કેટલીક બાબતો પણ જોડાયેલી છે એ સમજવા જેવી છે. જેમકે આ પરીવાર ગરીબ હશે. જે પરિવારો આર્થિક દ્રષ્ટિએ ગરીબ હોય ત્યાં બાળકોની સંખ્યા વધારે હોય છે એ સમાજ વિજ્ઞાનના અનેક સંશોધનોમાં સ્પષ્ટ થયું છે ગરીબ કુટુંબમાં બાળકોની સંખ્યા વધુ એ સ્થિતિ પાછળનું કારણ એવું છે કે જેટલા બાળકો હોય એટલું પરિવારને મજુરીના રૂપે મહેનતાણુ વધુ મળે, જે પરિવાર ગરીબ ન હોય ત્યાં બાળકો આશ્રિત હોય પરંતુ જ્યાં ગરીબ પરિવાર હોય ત્યાં પરિવારમાં સૌ એકબીજાના આશ્રિત હોય છે. ભરણ-પોષણ એ તમામની સહિયારી જવાબદારી હોય છે આપણે જ્યારે ઘરમાં રસોઈ ન બનાવતા પરિવારોની વાત કરી રહ્યા છીએ ત્યારે તેઓ માટે મહેનાતાણાંનો સંદર્ભ ભીખ તરીકે જોવો પડે. આ પરિવારો પરસેવો પાડવાના બદલે ભીખ માગીને પૈસા મેળવવાનું અને પેટ ભરવાનું સહિયારું કામ કરે છે. પરિવારના બાળકો પણ ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલા હોય છે અને કોઈ પણ કામ ધંધો નહીં કરતા ભીખ જ માગવી એવું તેમનું સામાજીકરણ બાળપણથી જ થયું હોય છે. ગાંધીનગરના કોઈપણ જાહેર સ્થળોએ આવી રીતે ભીખ માગતા બાળકો અને તેમના મા-બાપને તમે જોયા હશે. સાવરણી અને ફુગ્ગા સાયકલમાં ભરાવીને તેઓ એને વેચવાનું કામ નથી કરતાં પણ 'ભૂખ લાગી છે, પૈસા આપો' ની માગણી કરે છે. એમને સાવરણી કે ફૂગ્ગા વેચવામાં રસ નથી હોતો, માત્ર ભીખ મેળવવામાં જ હોય છે. સમસ્યા આપણી આ છે.

સેન્સસના આંકડાને જો સમજી એ તો આપણી સમસ્યા ઘરમાં રસોઈ ન બનાવતા પરિવારોની ઓછી પણ ભિક્ષાવૃતિ કરતા લોકોની વધુ છે. આ પરિવારના સદસ્યો મહેનત મજૂરી નહીં કરતા

● અનુસંધાન પાન-૭ પર

## ફાયરસેફ્ટી મુદ્દે કરાયેલા ચેકિંગમાં ૩૩૧ બિલ્ડીંગ પૈકી

# શહેરમાં ૨૯૦ બિલ્ડિંગને ફાયરસેફ્ટી જ ન હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ..!!

**સુરત અગ્નિકાંડને પગલે હરકતમાં આવેલા તંત્રની ૮૦ ટીમો દ્વારા જિલ્લામાં ઠેર ઠેર ચેકિંગઃ હોસ્ટેલ, સ્કૂલ, હોસ્પિટલ અને કોચિંગ ક્લાસમાં ખાસ ચેકિંગ ઝુંબેશઃ ૨૦૪ ને નોટિસ અપાઈ : ૧૦૦ બિલ્ડીંગ બંધ કરાવાઈ**

ગાંધીનગર, તા.૨૬

સુરત ખાતે સર્જાયેલી આગ દુર્ઘટનામાં મૃત્યુ આંક ૨૩ એ પહોંચ્યો છે ત્યારે આ સમગ્ર ઘટના તંત્ર અને બિલ્ડરોને ગંભીર બેદરકારીથી સર્જાઈ હોવાનું બહાર આવી રહ્યું છે. જેને પગલે રાજ્યભરમાં તમામ જિલ્લાઓના હોવાથી તંત્ર દ્વારા ફાયર સેફ્ટીની ગંભીરતા સમજીને બિલ્ડિંગની એનઓસી ચેકિંગની કામગીરી શરૂ કરી દીધી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા તંત્રએ પણ ફાયર સેફ્ટી વગર ધમધમાવતા બિલ્ડીંગ સંચાલકો ઉપર લાલ આંખ કરીને સઘન ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યા છે. ૪૪૬ અધિકારી-કર્મચારીઓની ૮૦ ટીમો બનાવીને જિલ્લાભરની હોસ્પિટલ, હોસ્ટેલ, ટ્યુશન/કોચિંગ ક્લાસીસ અને સ્કૂલના બિલ્ડિંગમાં ચેકિંગનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ચેકિંગ દરમિયાન ચોંકાવનારી આ વિગતો બહાર આવી છે કે તંત્રની ૮૦ ટીમો દ્વારા આજે જે ૩૩૧ બિલ્ડીંગ ચેક કરવામાં આવ્યા તે પૈકી ૨૯૦ બિલ્ડિંગને ફાયર સેફ્ટી કે તેને લગતુ એનઓસી જ નથી.

ગાંધીનગર જિલ્લા કલેકટર પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના અધિકારીઓની ટીમ, ચારેય નગરપાલિકાઓની ટીમ, ડીઈઓ/ડીપીઈઓ, ગુડા અને ઔડા અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી કર્મચારીઓ મળીને ૮૦ ટીમો વિવિધ બિલ્ડિંગોના ફાયર સેફ્ટી અંગેના ચેકિંગમાં લાગી ગયા છે. ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ સહિતના તમામ મોટાભાગના વિસ્તારોમાં આવેલી હોસ્પિટલ, હોસ્ટેલ કોચિંગ ક્લાસીસ તથા સ્કૂલોના બિલ્ડિંગ મળીને આજે કુલ ૩૩૧ બિલ્ડીંગ ચેક કરવામાં આવ્યા હતા. જેમાં ચોંકાવનારી વિગત મળી છે કે ૩૩૧ બિલ્ડીંગ પૈકી ૨૯૦ બિલ્ડિંગને ફાયરસેફ્ટીનું એનઓસી જ ન હતું. આ ટીમ દ્વારા આવી ૨૯૦ બિલ્ડિંગના સંચાલકોને તાત્કાલિક અસરથી ફાયરસેફ્ટીના સાધનો લગાવીને લેવા માટે સુચના આપવામાં આવી છે. ૨૦૪ બિલ્ડિંગના સંચાલકોને નોટિસ આપવામાં આવી છે જ્યારે ૧૦૦ બિલ્ડિંગને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે.

## સે-૧૧ વિજય શોપિંગમાં ચોથા માળે ચાલતી હોસ્ટેલને સીલ મારી દેવાયુ



ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ ખાતે આવેલા વિજય શોપિંગ કોમ્પ્લેકસમાં ચોથા માળે ખૂબ મોટી હોસ્ટેલ ચાલી રહી હતી. વગર પરમિશનએ ચાલતી આ હોસ્ટેલ જોઈને તંત્ર પણ ચોંકી ઉઠયું હતું. ૧૬ રુમની આ હોસ્ટેલમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. આ સ્થળ પણ ફાયર સેફ્ટીના મુદ્દે ઝીરો હતું. ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ દ્વારા ૧૬ રુમની આ હોસ્ટેલને અને ટેરેસ પર ચાલતા કિચનને તાત્કાલિક અસરથી સીલ મારી દેવામાં આવ્યું છે. હજુ પણ ગેરકાયદેસર ધમધમતી આવી હોસ્ટેલ ઉપર તંત્ર કડક કાર્યવાહી કરશે.

# જરૂર પડ્યે ફાયરસેફટી એક્ટમાં સુધારા સાથે વિધાનસભા સમક્ષ જઈશુ : ડૉ. જે.એન. સિંઘ

**રાજ્યમાં ૭૧૩ ટીમો દ્વારા ૯૯૬૨ સંકુલોની ચકાસણી કરાઈ છે : ૯૩૯૫ સંકુલોને નોટીસ અપાઈ છે**

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં ફાયરસેફટી એક્ટમાં જરૂર પડ્યે તેમાં સુધારાઓને લઈ વિધાનસભામાં



વિધેયક રજુ કરાશે તેવા ગર્ભિત સંકેતો સાથે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે જણાવ્યુ હતુ કે સુરતની ઘટના પછી સરકાર પણ ચિંતીત છે અને અસરકારક અમલીકરણ કરવામાં કોઈ કચાશ રખાશે નહિ.

આજે બપોરે તેમની કચેરી ખાતે ઉતાવળે બોલાવાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યુ હતુ કે સુરતની ઘટના અંગે સરકારે મુકેશ પુરીને ત્યાં મોકલી તપાસ હાથ ધરી છે. આ રિપોર્ટને લઈ સોમવારે બપોરે ૧૨ વાગે મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં એક ખાસ બેઠક પણ રાખવામાં આવી છે જેમાં ઘટના સહિતની બાબતો અંગે સર્વગ્રાહી ચર્ચા કરાશે.

તેમણે જણાવ્યુ હતુ કે બનાવને સરકારે ગંભીરતાથી લીધો છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ના બને તે માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. સુરતની ઘટનામાં જે કોઈ જવાબદાર જણાશે તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ સ્પષ્ટ કહ્યુ હતુ.

સિંઘે સંકેત આપ્યો હતો કે આવતીકાલે મળનારી બેઠકમાં ટૂંકાગાળાના પગલાં, લાંબા ગાળાના પગલાં અને વચગાળાના પગલાં અંગે પણ ચર્ચાઓ થશે.

● અનુસંધાન પાન-૭ પર

# મોદીએ હિરાબાના આશીર્વાદ મેળવ્યા

**રાયસણ વૃંદાવન સોસાટી ખાતે ભીડ ઉમટી : એક ઝલક મેળવવા લોકો ઉમટ્યા**

લોકસભાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ વડાપ્રધાન મોદી આજે ગુજરાત પહોંચ્યા હતા. અમદાવાદમાં ખાનપુર ખાતે ભાજપ કચેરી પર લોકોનો આભાર માન્યા બાદ અને ઉપસ્થિત લોકોને સંબોધન કર્યા બાદ મોડી સાંજે મોદી ગાંધીનગર ખાતે રાયસણ સ્થિત વૃંદાવન બંગલોમાં રહેતા લઘુબંધુ પંકજભાઈ મોદીના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને માતા હિરાબાના આશીર્વાદ મેળવ્યા હતા. આ સમયે પરિવારજનો ઉપરાંત આસપાસના રહીશો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. મોદી પહોંચે તે પહેલા જ તેમના સ્વાગત માટે તમામ તૈયારી કરવામાં આવી હતી. સુરક્ષા વ્યવસ્થા પણ વધારી દેવામાં આવી હતી. મોદીના આગમનને લઈને મોટી સંખ્યામાં લોકો તેમને જોવા માટે પહોંચી ગયા હતા. તેમની એક ઝલક મેળવવા માટે લોકો ઉમટી પડ્યા હતા. હિરાબા સાથે થોડાક સમય રોકાયા હતા. લોકસભા ચૂંટણીમાં જીત બાદ પ્રથમ વખત પહોંચ્યા હતા.



# ફાયર સેફટી તો દુરની વાત, શિક્ષણ તંત્ર પાસે ટયુશન કલાસીસ અંગેની જ પુરતી માહિતી નથી

**રહેણાંક વિસ્તારમાં થતા ટયુશનના વર્ગોની નોંધણી પણ થતી નથી. જયારે રહેણાંક વિસ્તારમાં ધમધતી કોર્મશિયલ પ્રવૃતિ સંદર્ભે સ્થાનિક તંત્ર કે કોર્પોરેશનને પણ જાણ કરાતી નથી**

ગાંધીનગર તા ૨૬

સુરતની ઘટના બાદ શહેરમાં ધમધમતા ટયુશનના વર્ગોમાં આનુસંગિક સલામતીના પરિબળોની ચકાસણીના મામલે તંત્ર સફાળુ જાગ્યુ છે. ગાંધીનગરમાં પણ આ મામલે બધુ પોલમ પોલ ચાલતુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં જ ટયુશન કલાસીસ સહીતના બિલ્ડીંગોમાં ફાયર સેફટીના નામે મીંડુ ચિતરાયેલુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. એટલુ જ નહીં પરંતુ ગેરકાયદેસર ધમધમતા ટયુશનના વર્ગોના મામલે પણ લાંબા સમયથી કોઈ તપાસ થઈ નથી. જેના લીધે ટયુશનિયા શિક્ષકો ફુલ્યા ફાલ્યા છે. નગરની ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો જ બિન્દાસ્ત રીતે ટયુશન કરી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં થતા ટયુશનના વર્ગોની નોંધણી પણ થતી નથી. જયારે રહેણાંક વિસ્તારમાં ધમધતી કોર્મશિયલ પ્રવૃતિ સંદર્ભે સ્થાનિક તંત્ર કે કોર્પોરેશનને પણ જાણ કરાતી નથી. જેના લીધે હાલની સ્થિતિએ જિલ્લા વહીવટી તંત્ર જ નહી પરંતુ જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર

## જાહેરાત

શ્રી રાજપૂત સમાજ ભવન, ગાંધીનગર, સે.૧૨ તરફથી નીચે પ્રમાણેના કોન્ટ્રેક્ટ આપવાનો હોવાથી જે તે સંસ્થા / મંડપ ડેકોરેશનના માલિકો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

આ સંસ્થાના ભવનને એક વર્ષ માટે સંચાલન કરવા માટે પ્રથમ બે માળ ભાડેથી આપવાના હોવાથી તા. ૫/૬/૨૦૧૯ સુધીમાં સીલબંધ કવરમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા ભાવો મોકલી આપવાના રહેશે. કોન્ટ્રાક્ટની શરતો કચેરીમાંથી મેળવી લેવાની રહેશે.

**સંપર્ક :**
**૨૩૨૩૮૭૭૮**
**૯૯૦૯૯૨૧૧૩૭ (મો.)**

**પ્રમુખ**
**શ્રી રાજપૂત સમાજ,**
**ગાંધીનગર**





DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY

Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ




કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર
દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫
હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫

**મળશે નહી**
ગાંધીનગર જાણીતા ડોક્ટર
**ડો. છાટબાર**
કાન-નાક-ગળાના સર્જન
બહાર જવાના હોવાથી સોમવારથી શુક્રવાર દરમિયાન મળશે નહિ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com